# બહારની વ્યકતિ દ્વારા ઘર મુલાકાત માટે ના સુચનો

1. ઘરે આવેલ વ્યક્તિ થી ઓછા માં ઓછું છ ફૂટ નું અંતર રાખવું.
2. પ્લમ્બર, ઇલેક્ટ્રીશીયન, એ.સી. રીપેરમેન, મિકેનિક જેવા કોઇ પણ બહારની વ્યક્તિ તમારા ઘરે મુલાકાત લે તો ખાતરી કરો કે તેને શરદી-ખાંસી કે તાવ નથી ને. જો હોય તો સરકારી દવાખાને મોકલો.
3. ઘરે આવેલ વ્યક્તિએ માસ્ક પહેરેલું હોવું ખુબજ જરૂરી છે. પહેલા એમનું નામ અને મોબાઇલ નંબર એક નોટ- બુક કે ડાયરી માં તેઓને પુછી ને નોધી લેવો.
4. ઘરે આવેલ વ્યક્તિના હાથ સેનિટાઇઝર દ્વારા સ્વચ્છ કરાવ્યા બાદ જ ઘરમાં પ્રવેશ આપવો.
5. તેને તેના કાર્ય સિવાય કોઇ પણ વસ્તુને સ્પ્રર્શ કરવાની મંજૂરી આપશો નહીં.
6. કામ પુરું થયા પછી 2% ડીટરજંટ સોલ્યુશન કે 1% સોડિયમ હાયપોક્લોરાઇટ સોલ્યુશન દ્વારા સ્થળ ને સેનિટાઇઝ કરવું અને સાધનોનો ઉપયોગ કર્યો હોય તેને 70% આલ્કોહોલ આધારિત પ્રવાહી સેનિટાઇઝર દ્વારા સેનિટાઇઝ કરવા કે કરાવવા.
7. જો બહારની વ્યક્તિ દ્વારા મુખ્ય દરવાજાના હેંડલ કે ડોર બેલ ને સ્પર્શ કર્યો હોય તો 70% આલ્કોહોલ આધારિત પ્રવાહી સેનિટાઇઝર દ્વારા સેનિટાઇઝ કરવા.
8. પેટીએમ, ભીમ એપ,ગુગલ પ્લે કે બેંક એપ થી ચુકવણી કરવાનો આગ્રહ રાખો. જો એ શક્ય ન હોય તો કેશ થી વ્યવહાર કરવો અને જો પૈસાની આપલે થાય તો પાછા લીધેલા રૂપિયા-સિક્કા અલગ ડબ્બા કે ખોખામાં લેવા અને બીજા દિવસ સુધી એમજ મુકી રાખવા અને ત્રીજા દિવસે જ વપરાશમાં લેવા. જો એમ શક્ય ન હોય તો કાગળ ના ચલણને લેનાર વ્યક્તિ દ્વારા કાગળ ના ચલણને યોગ્ય જગ્યા પર રાખી ઘર ની અન્ય વ્યક્તિ પાસે ઇસ્ત્રીની મદદથી જંતુ મુકત કરાવવી. ત્યાર બાદ તમારા હાથને સાબુ અને પાણીથી ધોવા.

* * *